ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0




"દિવડા પ્રગટાવો રાજ... સાથીયા પુરાવો રાજ... આજ મારે આંગણે પધારશે મા-પાવાવાળી..."

"વાહ... તમને તો ગરબા પણ આવડે છે..!"

"આવડે જ ને સાહેબ... નવરાત્રી આપણો હોટ ફેવરીટ તહેવાર છે અને માતાજીની આરાધનાનું પાવન પર્વ છે. નવરાત્રીમાં તો જેટલી 'મા'ની ભક્તિ કરીએ તેટલી ઓછી છે."

"સાચી વાત છે... યા દેવી સર્વ ભૂતેષુ... અનેક સ્વરૂપમાં મા જગત જનની આપણા જીવન સાથે જોડાયેલી છે. પણ તમે માંગશો શું માતાજી પાસે..?!"

"સાહેબ... 'મા' પાસે માંગવાનુ ન હોય. એ તો આપે જ રાખે. આપે જ રાખે. 'મા' એટલે મમતાનો અખૂટ ભંડાર."

"પણ... કૃપા તો માંગીએ ને. આશીર્વાદ માંગીએ. શક્તિની આરાધના કરીએ."

"હા... સાહેબ. જો માતાજી પ્રસન્ન થઈ જાય તો હુ માંગી લઉ. કે મારા ગામની, મારા સમાજની બહેન-દિકરીઓને અપમૃત્યુના આશરે ન જવુ પડે... હું માંગી લઉ કે કોઈ વૃદ્ધ મા-બાપને વૃદ્ધાશ્રમને આશરે ન જવું પડે. ને હું માંગી લઉ કે કોઈ એકબીજાની ફરિયાદ માટે પોલીસ સ્ટેશનના પગથિયાં ન ચઢે..!"

"ઓ... હો... એકદમ સાચી વાત..!"

"અરે સાહેબ... માંગવું તો સર્વનું માંગવું. અને આવા પાવન પર્વે મા-આદ્યશક્તિ આપણને એવી શક્તિ પ્રદાન કરે..."

"...કે જુઠ્ઠા, લુચ્ચાઓ, લબાડો, ભ્રષ્ટાચારીઓ, કાળાબજારીયાઓ અને અસામાજિક તત્વો સામે લડવાની ભરપૂર શક્તિ આપે..!"

"... સાહેબ આ અનુષ્ઠાનનુ પર્વ છે. આ જપ અને તપનું પર્વ છે. ભાવ અને ભક્તિનું પર્વ છે. આ પર્વમાં શુદ્ધ ભાવનાથી લેવાયેલો સંકલ્પ સાકાર થઈને જ રહે છે..!"

"પણ આ શુદ્ધ ભાવના છે ક્યાં..?! ભાંજગડ એની જ છે ને..!"

"પણ, એમાં માતાજીએ શુ કરી શકે..?! જેવા જેના વિચાર એવા એના કર્મો, જેવી જેની ભક્તિ, એવી એની શક્તિ, અને એવી એની ઉપલબ્ધિ. અને શુદ્ધ ભાવના આપણી અંદર જ છે. આપણી અંદર તો એ જ ભવ્યતા અને દિવ્યતાની અનુભૂતિ આપણને થઈ શકે..!"

"આપણે તો માતાજીના આરાધક છીએ... સાક્ષાત શક્તિપીઠની છાયામાં આપણે ઉછરીએ છીએ... અને એટલે જ ગરબો આપણા ગુજરાતની અસ્મિતાનું પ્રતિક છે..."

"હા... હા... ગરવી ગુજરાતણ માથે ઘડુલો લઈ 'મા'ના ગરબે ઘુમતી હોય ત્યારે સર્જાતો માહોલ અદ્વિતિય અને અનોખો હોય છે..."

"ને એટલે જ આપણી જવાબદારી છે... આપણી પરંપરાગત સંસ્કૃતિને જાળવવાની, એનું જતન કરવાની અને સંસ્કૃતિને સંસ્કારમાં પરિવર્તિત કરવાની...."

"સાવ સો ટકાની વાત કરી. આજથી આરંભાતા મા-આદ્યશક્તિના પાવન પર્વે આપણા સૌના મનમાં એક જ ભાવ ગુંજવો જોઈએ. જયો જયો મા-જગદંબે...

- નિમિત્ત માત્ર



વાયબ્રન્ટ નવરાત્રી - મા-આદ્યશક્તિના પાવન પર્વના પ્રારંભે ગુજરાત સરકાર દ્વારા વાયબ્રન્ટ નવરાત્રી મહોત્સવના આયોજનના ભાગરૂપે બુધવારે સાંજે ગ્રાન્ડ રિહર્સલ યોજાયું હતું... ગુજરાતના ૨૨૫થી વધુ કલાકારો શક્તિની ઉપાસના થીમ પર નૃત્ય, નાટ્ય, દૃશ્ય-શ્રાવ્યનો ચતુષ્પારિમાણીય કાર્યક્રમ અભિવ્યક્ત થશે... ગાંધીનગરની પનઘટ સંસ્થાના કલાકારોની પણ મહત્વની ભૂમિકા કાર્યક્રમમાં છે...

# ૧૫ નવેમ્બર સુધીમાં શહેરના માર્ગોનું રિપેરીંગ કરી દેવાશે : મેયર

**રસ્તાઓ તુટી ગયા છે અને ગ્રામીણ પ્રજાને પેવર બ્લોક માટે એન.ઓ.સી.ની ફરજ પડાય છે : રાયકા : ગ્રામ્ય વિસ્તારમાં સી.સી. રોડ માટે આભાર માનો : ભાજપ**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના તુટી ગયેલા આંતરિક રસ્તાઓનું કામ ૧૫-૧૧-૨૦૧૭ સુધીમાં પૂર્ણ કરી દેવામાં આવશે તેમ મેયર પ્રવિણ પટેલે આજે કોંગી કાઉન્સીલર જીતુ રાયકાના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

કોંગી કાઉન્સીલર જીતુ રાયકાએ શહેરના તુટેલા રસ્તાઓના રિપેરીંગ માટે મેયરે જે નિવેદન કર્યું હતું તેનો ઉલ્લેખ કરી જણાવ્યું કે નગરજનોની આ હાલાકી કયારે દૂર થશે. આર એન્ડી બી કામ કેમ નથી કરતું. કોર્પોરેશને ગ્રાન્ટ તેના હવાલે મુકી છે તે વાતો ખોટી છે?

તેમણે ગ્રામ્ય વિસ્તાર જે શહેરમાં આવેલો છે ત્યાં પેવર બ્લોકના કામ કેમ શરૂ થતા નથી. ત્યાં કામ માટે માર્ગ મકાનનું એન.ઓ.સી. લઈ આવવાની કેમ ફરજ પાડવામાં આવી રહી છે. શું તેઓ નગરજનો નથી.

મેયર પ્રવિણ પટેલે જણાવ્યું કે તેમણે નિવેદન કામમાં ગતિ આવે તે માટે કર્યું હતું. આ માટે સરકારે પણ વિડીયો કોન્ફરન્સ કરી તંત્રને સૂચના આપી છે. ત્યારે કોંગીના પિન્કીબેન પટેલ, હિરલ જોશી, મીનાબા વાઘેલા, રમીલાબેન વાઘેલા સહિતના સભ્યોએ મંત્રીઓના નામ લઈ વાત નહિ કરવા અને કામ કરો કામ કરોની વાત રજુ કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની સામાન્ય સભામાં રિટેન્ડરીંગના મુદ્દે તડાપીટ

**કોર્પોરેશનને દલા તરવાડીની વાડીમાં રૂપાંતર કરાયું છે : બિહોલા**
**બજેટની જોગવાઈઓ એ વિકાસ કામો નથી શું છે : મેયર**
**લેખિતમાં વિગતો ના મંગાય સભ્યોને સભામાં જ જવાબ આપો : કોંગ્રેસ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સામાન્ય સભામાં એજન્ડા પરની કાર્યવાહી ગણત્રીની મિનિટોમાં સંપન્ન થયા બાદ કોંગ્રેસે આજે પ્રજાના પ્રશ્નો રજુ કરી અને તંત્રની નિષ્ફળતાને છતી કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ શિસ્ત કોંગીના જ સભ્યો દ્વારા દાખવવામાં આવતી ન હોવાનું બ્હાનું આગળ ધરી મેયર પ્રવિણ પટેલે સભાની કામગીરી સંપન્ન થયાની જાહેરાત કરી હતી.

વંદેમાતરમ્‌ના ગાન સાથે શરૂ થયેલી સામાન્ય સભામાં એક જ મુદ્દાનો એજન્ડા હોવાથી તે વિના વિરોધે મંજૂર કરવામાં આવેલ. આ પછી કોંગ્રેસ દ્વારા પ્રજાના પ્રશ્નો અંગે રજુઆત કરવાનો સિલસિલો શરૂ કરાયો હતો.

કોંગ્રેસના હસમુખ મકવાણાએ ડસ્ટબીન માટે મેયરે પૈસા ફાળવ્યા પછી પણ કેમ વિતરણ નથી થતુ તેવા પ્રશ્નના ઉત્તરમાં મ્યુનિ. કમિશનરે જણાવ્યુ હતુ કે મેયરે ગ્રાન્ટ ફાળવેલ છે. આ અંગે ટેન્ડર પ્રક્રિયા હાલ ચાલી રહી છે અને તે ટુંકમાં જ પૂર્ણ થતાં ખરીદી કરી અને વિતરણની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. દિપાવલી પછી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ થશે અને આચારસંહિતા પહેલાં તેનુ વિતરણ કાર્ય હાથ ધરી દેવાશે તેમ પણ તેમણે કહ્યુ હતુ.

કોંગીના અંકિત બારોટે કચરાનો જ મુદો ઉપસ્થિત કરતાં જણાવ્યુ હતુ કે ડોર ટુ ડોર કલેક્શન વ્યવસ્થા પડી ભાંગી છે. સરકારે આપેલ એક સેવા પણ આપણે સુપેરે ગોઠવી શકતા નથી. બારોટે જણાવ્યુ હતુ કે પાંચ વર્ષના ટેન્ડરની મંજૂરી પછી વચાળે ટેન્ડર પ્રક્રિયા કેમ કરવી પડી ?

તમે જો કચરો નહિ ઉપાડો તો અમારે ના છુટકે નગરના વસાહતીઓ સાથે મળી મનપાની કચેરીમાં આવી ઢગલો ખડકી દેવાની ફરજ પડશે તેવી ચીમકી પણ ઉચ્ચારી હતી. ટેન્ડરપ્રક્રિયા કરો પણ એસ-૧નું ટેન્ડર રિજેક્ટ કરવાના કારણો શું હતા ? શું આપણે માત્ર ટેક્સ ઉઘરાવવાની કામગીરી કરીશુ કે પછી સેવા પણ આપીશુ. ૨૦૧૭માં તમારી વિદાય નક્કી છે તમે ના કરી શકતા હો તો અમને વાંધો નથી.

મેયરે ૨૦૧૭નો ઉલ્લેખ સાંભળી બારોટને અટકાવવાનો પ્રયાસ કર્યો હતો અને ટપારતાં કહ્યુ હતુ કે રાજકીય અવલોકનોને સ્થાન નથી તો તમારી રજુઆત કરો.

મ્યુનિ. કમિશનરે પ્રત્યુત્તર આપતાં જણાવ્યુ હતુ કે તેઓ તાલિમમાં ગયા ત્યારે રિટેન્ડરીંગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તે સ્થાયી સમિતિની કાર્યવાહી નોંધને જોતાં જણાયુ છે બાકી રિટેન્ડરીંગની પ્રક્રિયા ઝડપથી પુરી કરાશે તેનાથી વિશેષ હું કંઈ કરી શકુ નહિ.

આ બાબતે સ્થાયી સમિતિના ચેરમેને ખુલાસો કરવો જોઈએ તેવી રજુઆત કોંગ્રેસ તરફથી થતાં સ્થાયી સમિતિના ચેરમેને જણાવ્યુ કે તમે લેખિતમાં રજુઆત કરો એનો જવાબ તમને મળી જશે. બાકી મારી પાસે અત્યારે વિગતો નથી અને જાણકારી પણ નથી.

આથી કોંગ્રેસના ચીમન વિંઝુડા અને અન્ય સભ્યો જીતુ રાયકા, હસમુખ મકવાણા ને બધા ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે જવાબ આપવો જ જોઈએ તેવી રજુઆત કરતાં મેયરે આ સભ્યોને પણ ટપાર્યા હતા કે તમે

● અનુસંધાન પાન-૭ પર

## દશેરાની આસપાસ બસ સેવા શરૂ કરીશું : મેયર

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા શહેરીજનો માટે બસની સુવિધા દશેરા કે તે પછી શકય એટલી ઝડપથી કાર્યાન્વિત કરી દેવામાં આવશે. આજે આ અંગેની બેઠકમાં થયેલ પ્રગતિની સમીક્ષા કરવામાં આવી છે અને ટુંકમાં જ આ સેવાઓ કાર્યાન્વિત કરી દેવામાં આવશે તેમ મેયર પ્રવિણ પટેલે આજે સામાન્ય સભામાં જણાવ્યું હતું. વિપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલાએ આજે આ મુદ્દો ઉપસ્થિત કરી એવું જણાવ્યું હતું કે ૮ મહિનાથી લોકો બસ સેવા માટે તડપી રહ્યા છે પણ તંત્ર ટેન્ડર પે ટેન્ડરમાં જ વ્યસ્ત છે. આ કયા પ્રકારનો વહીવટ કરવામાં આવી રહ્યો છે તે સમજાતું નથી. મનપા તેની આવક ગુમાવી રહી છે. પર્વો આવી રહ્યા છે પણ પ્રજાને સેવા કે સુવિધા નથી. મેયર પ્રવિણ પટેલે જણાવ્યું હતું કે ટૂંકમાં જ ૩૫ બસો સાથે આ સેવાઓ શરૂ થશે. પ્રજાને સારી ગુણવત્તાવાળી બસો સાથે અમે સુવિધા આપશું તમે ચિંતા ના કરશો.

# આજથી નવરાત્રીના પાવન પર્વનો મંગલ પ્રારંભ

**આસોની અજવાળી રાતના આછેરા દિવ્ય પ્રકાશમાં ગરબાની રમઝટ જામશે : સેકટરોની શેરીઓમાં અંધારુ ઉલેચતી જગમગતી રોશની અને દિવડાઓના દિવ્ય પ્રકાશ વચ્ચે ગરબાની રંગત જામશે : નવયૌવન હીલોળે ચઢશે : સેકટરોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થશે**

ગાંધીનગર તા ૨૦

અંબા અભય પદ દાયની રે ...આધ્યાશકિતની ભકિતનો મંગલમય અવસર એટલે નવરાત ...નવરાત એટલે નવદુર્ગાની ભકિતમાં તરબોળ ભાવિકો ગરબે ધુમશે. આજથી શરૂ થતા નોરતાના પર્વને અનુલક્ષી ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહયો છે. નવદુર્ગાની નવરાતમાં રાત્રિના સમયે નવયૌવન હીલોળે ચઢશે. રાત્રિના સમયે સંસ્થાકીય ગરબા તેમજ સેકટરોમાં શેરી ગરબાની રમઝટ જામશે. માતાજીની પુજા અર્ચના તેમજ મહાઆરતી સહીત અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. સેકટરોની શેરીઓમાં અંધારુ ઉલેચતા અજવાળા વચ્ચે ગરબાની રમઝટ જામશે. ખૈલેયાઓ આખુ વર્ષ નવરાતની વાટ નિહાળતા હોય છે. જયારે આજથી આ પવિત્ર પર્વની શરૂઆતને અનુલક્ષી ખૈલેયાઓમાં અનોખો થનગનાટ જોવા મળી રહયો છે. આસોની અજવાળી રાતના પ્રારંભે નગરના નવયૌવનમાં અનોખો નિખાર જોવા મળશે. સેકટરોની શેરીઓ જયઅંબેના જયઘોષથી ગુંજી ઉઠશે. નવલા નોરતાના હેતે ઓવારણાં લેવા નગરજનોમાં ઉત્સુકતા સાથે અનોખી ભકિતભાવના પણ જોવા મળી રહી છે.

શકિતની ભકિતનો અનોખો મહીમા વર્ણવતા નવરાત્રી પર્વના પ્રારંભ પુર્વે નવયૌવન ગરબે ઘુમવા સજ્જ થઈ ગયુ છે. શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવના ભવ્ય ગરબા મેદાન તૈયાર થઈ ગયા છે. સે-૬ અને સે-૧૧ માં કુલ ત્રણ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયારે સેકટરોમાં આગવી ઓળખ ધરાવતા શેરી ગરબાની જાકમજોળ પણ એક અનોખો ઈતિહાસ ધરાવે છે. શહેરના સ્થાપના કાળથી નગરમાં નવરાત પર્વની વિશિષ્ટ અને ભકિતસભર માહોલમાં ઉજવણી કરવામાં આવે છે. શહેરમાં સૌ પ્રથમ નવરાત્રિની ઉજવણી સે-૧૬ ના પ્રાથમિક શાળાના ઓટલા પર કરવામાં આવી હતી. જયારે સમય જતા સેકટરના શોપિંગ સેન્ટરમાં થતા ગરબાનુ પણ વિશેષ મહત્વ હતુ. ત્યારબાદ સે-૨૦ અને સે-૨૯ માં પણ શેરી ગરબાની રંગત માંણવા ફિલ્મી કલાકારો ઉપરાંત અમદાવાદ સહીતના શહેરમાંથી પણ ગરબા પ્રેમીઓ ઉમટી પડતા હતા. ત્યારબાદ સે-૨૧ પંચશીલ સોસાયટીમાં યોજાતા ગરબા મહોત્સવ પણ ગરબા પ્રેમીઓમાં આકર્ષણના કેન્દ્ર સ્થાને હતા. જયારે સમય જતા શહેરમાં સંસ્થાકીય ગરબા મહોત્સવનુ મહત્વ વધતા નગરમાં અલ્ટ્રા મોર્ડન ગરબા મહોત્સવની બોલબાલા વધી હતી. આજે પણ શહેરમાં વિવિધ ત્રણ ઠેકાણે સંસ્થાકીય ગરબા મહોત્સવની રંગત જામે છે. જયારે સેકટરોની શેરીઓમાં યોજાતા ગરબાનુ મહત્વ અકબંધ છે. નવલા નોરતાનો આજથી પ્રારંભ થશે. ત્યારે ગુરુવારથી શરૂ થતા નોરતાને અનુલક્ષી સેકટરોની શેરીઓ વાળી સજ્જ કરી દેવાઈ છે. શકિતની ભકિત માટે ભાવિકો ઉત્સુક બન્યા છે. આસોની અજવાળી રાતમાં ખૈલેયાઓ મનમુકીને ગરબે ધુમી લેવા આતુર છે. ત્યારે આજથી પ્રારંભ થતા નવરાતના લીધે તેમની ઈન્તેજારીનો અંત આવી ગયો છે. એકબાજુ રોજબરોજ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળી રહયો છે.ત્યારે ગરબા પ્રેમીઓને હજુ વરસાદની ચિંતા સતાવી રહી છે.



# મહિલા પોલીસ સાદા ડ્રેસમાં ગરબામાં બાજ નજર રાખશે

**મહિલા પોલીસની અલગ અલગ ચાર સ્કવોડની રચના : યુવતીઓ-મહિલાઓને મુખ્ય માર્ગોનો ઉપયોગ કરવા સૂચન**

ગાંધીનગર, તા.૨૦

નવરાત્રિના પર્વ દરમ્યાન રાસ-ગરબાની રમઝટ માણવા જનાર યુવતીઓ અને મહિલાઓની રક્ષા માટે શહેર પોલીસ તંત્ર દ્વારા ખાસ કરીને ચાર અલગ-અલગ મહિલા સ્કવોડની રચના કરવામાં આવી છે. નવરાત્રિ દરમ્યાન જુદા જુદા વિસ્તારોમાં અને સ્થળોએ મહિલા પોલીસ સાદા ડ્રેસમાં લુખા અને અસામાજિક તત્વો પર ચાંપતી નજર રાખશે અને યુવતીઓ કે મહિલાઓની છેડતી કરનાર કે તેમની જાતીય સતામણી કરનાર તત્વોને ઝબ્બે કરશે. બીજીબાજુ, યુવતીઓ અને મહિલાઓને પણ આવા તત્વોથી સાવધ રહેવા અને તકેદારી રાખવા ખાસ તાકીદ કરાઈ છે. નવરાત્રિ દરમ્યાન યુવતીઓ અને મહિલાઓની સુરક્ષા અને સલામતી માટે શહેર પોલીસ દ્વારા ખાસ કરીને મહિલા પોલીસ વિભાગ દ્વારા અલગ તૈયારીઓ અને આયોજન કરવામાં આવ્યા છે. જેમાં મહિલા પોલીસની અલગ-અલગ ચાર સ્કવોડની રચના કરવામાં આવી છે. આ સ્કવોડની મહિલા પોલીસ સાદા ડ્રેસમાં શહેરના વિવિધ વિસ્તારોમાં અને એસજી હાઈવે પરના પાર્ટી પ્લોટો, ફાર્મ હાઉસ સહિતના સ્થળોએ અચાનક વીઝીટ લઈ સુરક્ષાની પરિસ્થિતિની સમીક્ષા કરશે અને નવરાત્રિમાં ચાલી રહેલા રાસ-ગરબા દરમ્યાન ગુપ્ત રીતે લુખા અને અસમાજિક તત્વો પર ચાંપતી નજર રાખશે. એટલું જ નહી, યુવતીઓ કે મહિલાઓની છેડતી કે જાતીય સતામણી કરનાર આવા અસામાજિક તત્વોને મહિલા પોલીસની સ્કવોડ ઘટનાસ્થળે જ ઉઠાવશે અને તેની વિરૂધ્ધ કાયદાનુસાર કાર્યવાહી હાથ ધરશે. દરમ્યાન મહિલા એસીપી પન્ના મોમૈયાએ નવરાત્રિમા રાસ ગરબાની રમઝની મજા માણવાની સાથે સાથે શકય એટલી તકેદારી અને સાવધાની રાખવા યુવતીઓ અને મહિલાઓને તાકીદ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, શકય હોય ત્યાં સુધી યુવતીઓ અને મહિલાઓએ શહેરના મુખ્ય માર્ગોનો જ ગરબાના સ્થળોએ જવા કે ત્યાંથી ઘેર પરત ફરતી વખતે ઉપયોગ કરવો.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com